
# આધ્યાત્મિકતાની કેડી પર ચાલવું છે...?



**જ્ઞાનામૃત**
**બ્રહ્માકુમાર અનિલ**

> આધ્યાત્મિકતા એક એવી આચારસંહિતા છે જે માનવનું દિવ્યીકરણ અને ઉર્ધ્વકરણ કરવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવે છે

ભારતભૂમિ અધ્યાત્મ પ્રધાન છે. તેથી તેમાં વસતા માનવો આધ્યાત્મિક હોવા જોઈએ. તેમાં શંકા અસ્થાને ગણાય. પશ્ચિમના દેશોની સરખામણીમાં ભારતમાં આધ્યાત્મિકતા અને ધાર્મિકતા એ રગેરગમાં વ્યાપ્ત છે. તેમ કહીએ તો ખોટું નથી. પશ્ચિમના દેશો પણ હવે પૂર્વ તરફ દ્રષ્ટિગોચર કરી, નીરખી રહ્યા છે અને પૂર્વના નિવાસીઓ પશ્ચિમ તરફ આશા વ્યક્ત કરી રહ્યા છે પણ સૂર્યોદય તો હંમેશાx પૂર્વમાં જ થાય છે. તેમ જ્ઞાનસૂર્ય આધ્યાત્મિકતાના સૂર્યનું પ્રાગટય પણ પૂર્વ તરફ છે.

માનવની આધ્યાત્મિક શક્તિનું પ્રાગટ્ય થતાં કાળક્રમે તે શક્તિનો સંચય થતાં થતાં કર્મમાં પરિણમતાં ત્યાગમૂર્તિ, સહનશીલતાની મૂર્તિ, દયા, પ્રેમ, કરૂણાની મૂર્તિ આલેખાય, એ આધ્યાત્મિક શક્તિનું કર્મમાં પરિણમવું એ જ ખરી આધ્યાત્મિકતા છે. નહીં તો રહે માત્ર ધાર્મિકતા. બંનેમાં ઘણો તફાવત છે. આજે ધાર્મિક વૃત્તિવાળા લોકો ધર્મ, પૂજાપાઠ, ધ્યાન કરે છે પણ આધ્યાત્મિક વૃત્તિ, પુરુષાર્થવૃત્તિ, પ્રગતિની વૃત્તિથી ભિન્ન જણાય છે.

આધ્યાત્મિક શિક્ષણ એ એક એવું શિક્ષણ છે જેમાં પુરુષાર્થ અગ્રિમ સ્થાને છે અને પ્રાપ્તિ, પ્રગતિ તેના ફળરૂપે છે. જે અનિવાર્ય છે. આ શિક્ષણ જગતમાં આબાલ વૃધ્ધ, અશિક્ષિત કે અલ્પ શિક્ષિત માનવો પણ સુવાસ લઈ શકે છે. આમ છતાંયે આ વિષયને લોકોએ એટલો અટપટો બનાવ્યો છે કે મોટા ભાગનાને આધ્યાત્મિકતાના પથને સંસારથી અલિપ્ત તેમ જ અઘરો બનાવી દેવાયો છે જે સંસારીઓ માટે અશક્ય, અસંભવ અને કઠીન દર્શાવ્યો છે. આવી ભ્રામક અને પરંપરાગત માન્યતાઓને ખુદ આધ્યાત્મિક શક્તિ દાતા પરમાત્મા નિર્મૂળ કરે છે અને તેના યથાર્થ સ્વરૂપની ઓળખ આપે છે.

આધ્યાત્મિકતામાં સદાચારનું શિક્ષણ અને પરિવર્તન શક્તિ દર્શાવાયેલા છે. ભૌતિકતાના સ્વર્ગમાં આધ્યાતિમકતાનો ઉદય અશક્ય લાગે છે. પણ આ બધામાં જ્યાં પ્રેમ, દયા, કરૂણા, શાંતિ, શાશ્વતમૂલ્યો અસ્થાને હોય છે તો ભૌતિકતાના સ્વર્ગ સમા સંસારમાં ખરેખર નર્કની જ અનુભૂતિ થાય છે. આજે ભૌતિક જગતને અનુસરી વ્યસનો, વિકારોની જાળમાં ફસાયેલા માનવ આધ્યાતિમકતાને પણ એજ દ્રષ્ટિથી જોતા હોય છે. આજે યુવાનો, શ્રીમંતો આધ્યાત્મિક જગતના મૂલ્યને ધરાશાયી કરી દેતા હોય છે. દંભી ગુરૂ, સાધુ, સંતો, સ્વામીઓ, આજે પારિવારિક ડોક્ટરનું કામ કરતા થયાં છે. તેઓ માને છે કે આધ્યાત્મિક જગતમાં ઉદયનું કામ કરી રહ્યું છે. રોગમુક્તિના બદલે રોગયુક્તિની પ્રાપ્તિ કરાવી રહ્યું છે. માનવ જીવનમાં આજ ખામી, કસર દેખાઈ રહી છે. તે સાચા મૂલ્યોને, સાચા રહસ્યોને પ્રાપ્ત કરવાની ઈચ્છા હોવા છતાંય સાહસ અને હિંમતના બે પગથી પાંગળો હોવાથી આધ્યાત્મિક કેડી પર ચાલવુ તેઓને અશક્ય અને અસંભવ લાગે છે. આજે રાજકીય ક્ષેત્રની જેમ જ અધ્યાત્મવાદમાં પણ જૂથ, સંગઠન અને અર્થનો સાચો મહિમા જાણ્યા વગર તેનું પ્રાબલ્ય વધતું જાય છે. અને તે પ્રમાણે તેમાં ત્યાગમય જીવન ક્ષીણ બનતાં જતાં સંસારી અને વૈભવી જીવન, અર્થ પ્રાપ્તિસભર માનવી સાચા આધ્યાત્મિક પંથને જાણી કે ઓળખી શકતો નથી. આધ્યાત્મિકતા એ સર્વસ્વ ત્યાગની ભૂમિકા છે. પાર્થિવ દેહની અને વિનાશી જગતની વિસ્મૃતિ બાદ તેની પ્રાપ્તિ કરી શકાય પછી પુરુષાર્થથી આત્માના તેજનું પ્રાગટ્ય કરીને તેમાં રમણ કરવું એ જ આધ્યાત્મિકતા પ્રધાન માનવજીવનનો રિવાજ છે. ત્યાર બાદ પરમાત્માના યથાર્થ પરિચયની પ્રાપ્તિ પછી આધ્યાત્મિકતાના સૂર્યનો જીવનમાં ઉદય થયા બાદ વ્યવહારમાં કાર્યમાં દિવ્યતાનો પ્રકાશ પાથરે છે અને જીવનમાં સૌરભ પ્રસરાવી શકે છે અને ત્યારે જ સત્ય સાધનાનો ઉદય થાય છે. આ સત્ય સાધનાના ઉદય બાદ રેલાતા પ્રકાશમાં સાધક અને સાધ્ય વચ્ચેનાં ભેદને જાણીને દૂર કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે.

આધ્યાત્મિકતા એક એવો જીવન સહારો છે જે નિર્બળ, નિર્ધન, નિરાશાઓના સંસારમાં ડૂબેલને આશાના બળનો, અવિનાશી જ્ઞાનધનનો ટેકો કરી સહારો આપે છે. આધ્યાત્મિકતા એક એવી આચારસંહિતા છે જે માનવનું દિવ્યીકરણ અને ઉર્ધ્વકરણ કરવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. જીવન દાસ્તાનને અસમજણની ઓટમાંથી ભાવનાની ભરતી તરફ લઈ જાય છે. આવું, આધ્યાત્મિક શિક્ષણજગત સંસારને વધુ મૂલ્યવાન, ચારિત્યવાન, દિવ્યતા સંપન્ન બનાવે છે. વર્તમાન સમયના સાચા વાતાવરણને જાણી તપાસીને આધ્યાત્મિકતાના સૂર્ય ઉદય તરફ અભીપ્સા રાખવી, નજર કેળવવી જરૂરી છે. આધ્યાત્મ જગતનો સાચો માર્ગ, પ્રદર્શક, માર્ગરક્ષક, જગતનો તારણહાર, પ્રવર્તમાન સમયના સાચા મૂલ્યોને જાણી હવે સુંદર જગત તરફ અંગુલિનિર્દેશ કરી રહ્યા છે. મિત્રો, ચાલો આપણે સૌ સાથે આ આધ્યાતિમકતાની કેડી પર - પગદંડી પર પા-પા પગલી પાડવાનું સમજી લઈએ અને આચરણમાં મૂકવાનો નમ્ર પ્રયાસ કરીએ. તો જ જીવનમાં દિવ્ય ગુણોની મહેક સદા માટે મહેકતી રહેશે અને આવી મહેક સહપરિવાર સાથે બધામાં મહેકાવતા રહીએ એ જ અભ્યર્થના સાથે.... ઓમ શાંતિ...

# તામસ કર્મનો ત્યાગ



**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**
**સાધુ જ્ઞાનાનંદદાસ**

> ફળનો લોભ માનવના વિચારને સંકુચિત બનાવે છે. તે સ્વાર્થી બને છે અને પોતાના લાભ માટે બીજાને નુકસાન પહોંચાડવા તૈયાર થઇ જાય છે. આવો લોભ અંતે મનુષ્યને દુઃખ, અશાંતિ અને અસંતોષ તરફ ધકેલે છે

તામસ કર્મના ત્યાગની વાત કરીને હવે ભગવાન કૃષ્ણ કર્મફળના લોભને રાજસિક ગણાવે છે, તે સમજીએ.

માનવ જીવન કર્મ પર નિર્ભર છે. દરેક વ્યક્તિ પોતાના કર્મથી પોતાનું જીવન સુચારુ જીવે છે. હા, કર્મ કર્યા પછી ફળપ્રાપ્તિની ઈચ્છા સાહજિક છે પરંતુ પ્રશ્ન તો ત્યારે થાય જ્યારે લોકો કર્મ કરતાં ફળની અપેક્ષા વધુ રાખે છે. તેઓ કામ કરે છે પણ તેમનું ધ્યાન કામની શુદ્ધતાથી વધુ તેના પરિણામ પર હોય છે. આ પ્રકારના લોકો કર્મ ફળના લોભી કહેવાય છે. આવા મનુષ્યને ક્યારેય અંતરશાંતિ મળતી નથી, કારણ કે તેનું મન હંમેશાં ફળની આશામાં ચિંતિત અને અશાંત રહે છે. આમાં, ગતિ અને પ્રગતિ કેવળ ભૌતિક સિદ્ધિ સુધી સીમિત રહે છે.

રાજેશ નામનો યુવાન એક મોટી કંપનીમાં કામ કરતો હતો. તે ખૂબ બુદ્ધિશાળી અને કાર્યકુશળ હતો પરંતુ તેનું દરેક કાર્ય ફક્ત પોતાના સ્વાર્થ માટે હતું. તે જે પણ પ્રોજેક્ટ હાથ ધરતો, તેમાં તેનું એક જ ધ્યેય રહેતું -“મને પ્રમોશન મળે, વધારે પગાર મળે, લોકો મારી પ્રશંસા કરે.” શરૂઆતમાં તેના પ્રયત્નો સફળ થયા. તેને પ્રમોશન પણ મળ્યું, સહકર્મીઓની આગળ તેની પ્રતિષ્ઠા પણ વધી.

પણ ધીમે ધીમે તે વધુ લોભી બનતો ગયો. કાર્ય કેવળ પરિણામલક્ષી બનતું ગયું. દેખાડો કરવાની ભાવના બલવંતી બનતી ગઈ. કોઈ સહકર્મી આગળ વધે તો તેને તરત જ ઈર્ષા થતી. તે બીજાના કામમાં ખામીઓ શોધતો અને પોતાને શ્રેષ્ઠ સાબિત કરવા માટે બીજાને નીચા દેખાડતો. તેના મનમાં સતત તણાવ રહેતો -“હવે પછી શું કરું કે વધુ ફળ મળે?” આ ચિંતા તેની શાંતિ છીનવી ગઈ. ઘરમાં પણ તે ચિડચિડો બનતો ગયો. અંતે એક દિવસ તેની ટીમના સભ્યો તેની વિરુદ્ધ થઈ ગયા અને બોસે તેની બદલી કરી દીધી. રાજેશ પાસે પૈસા હતા પણ સંતોષ નહોતો. તેની સફળતા હવે ખાલીપા જેવી લાગતી હતી.

વસ્તુતઃ આવા લોકો ‘કર્મફળના લોભી’ ગણાય છે. તેઓ કર્મને નિષ્ઠા કે સેવા નથી માનતા પણ સ્વાર્થપૂર્ણ સાધન માને છે. ગીતા મુજબ આવી વૃત્તિ ‘રાજસિક’ ગણાય છે -કારણ કે રાજસિક કર્મ હંમેશાં ફળની આશાથી પ્રેરિત હોય છે. એમાં આત્મશાંતિ નહિ પરંતુ અહંકાર અને લોભનો પ્રબળ પ્રભાવ હોય છે.

મહંત સ્વામી મહારાજ કહે છે કે “રાજસિક કર્મનું ફળ તાત્કાલિક તો આકર્ષક લાગે છે પણ અંતે તે દુઃખરૂપ બની જાય છે. જીવનની સાચી સફળતા તો ત્યારે મળે છે જ્યારે મનુષ્ય નિષ્કામ ભાવથી, ફરજ સમજીને અને ભગવાનને સમર્પણ કરવાની બુદ્ધિથી કર્મ કરે -એ જ કર્મને સાક્ષાત્ યોગ બનાવે છે.”

જો આ ભાવના નહીં હોય તો કર્મ ફળના લોભી વ્યક્તિ માટે કર્મ એક સાધન ન રહે પરંતુ એક સોદો બની જાય છે. તે આધ્યાત્મિક માર્ગે પણ વ્યાવહારિક દૃષ્ટિ રાખે છે -“હું પૂજા કરું તો મને લાભ મળે”, “હું દાન આપું તો મારાં દુઃખ દૂર થાય.” આ ભાવના આધ્યાત્મિકતા નહીં પરંતુ વહેવાર છે. ફળનો લોભ માનવના વિચારને સંકુચિત બનાવે છે. તે સ્વાર્થી બને છે અને પોતાના લાભ માટે બીજાને નુકસાન પહોંચાડવા તૈયાર થઈ જાય છે. આવો લોભ અંતે મનુષ્યને દુઃખ, અશાંતિ અને અસંતોષ તરફ ધકેલે છે. કારણ કે લોભનો કોઈ અંત નથી -એક ફળ મળતાં જ બીજું ફળ મેળવવાની ઈચ્છા જન્મે છે. આવા ફળના લોભી લોકો પોતાના કર્મને પોતે જ બંધનમાં ફેરવી દે છે.

અલબત્ત, સાચું કર્મ નિષ્ઠાથી કરવામાં આવે તો તે પોતે જ ફળરૂપ બની જાય છે, ભલે તાત્કાલિક પરિણામ ન મળે પણ અંતે તે સુખમય અને સંતોષકારક નીવડે છે. આમાં અંતે તેના કર્મમાં દૈવી શક્તિ ઉદભવે છે. જીવનનું સૌંદર્ય નિષ્કામ કર્મમાં છે. જો માણસ ફળની આશા વિના કર્મ કરે તો તેનું મન નિર્મળ રહે છે. તે જે પણ કરે છે તેમાં આનંદ અનુભવે છે કારણ કે તેની અપેક્ષા કોઈ નથી. આ મુમુક્ષુ પ્રભુને પ્રિય બને છે કારણ કે તે પોતાના કર્મ બ્રહ્મ અને પરબ્રહ્મને સાક્ષી સમજીને કરે છે.

આમ, સાચું સુખ તો ત્યાં છે જ્યાં કર્મમાં સમર્પણ છે અને ફળમાં વૈરાગ્ય છે. જ્યારે મનુષ્ય ફળની ચિંતા છોડીને કર્મને ભગવાન અને ગુરુને રાજી કરવા કરે છે, ત્યારે તેનાં સાધારણ કર્મ પણ ભક્તિરૂપ બની જાય છે. તે ભક્તની દરેક પલ ઉત્સવ બની જાય છે.